# બહુ પુણ્યકેરા પુંજથી

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો
તોયે અરે ! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો ! એક પળ તમને હવો !!!

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાતદુઃખ તે સુખ નહિ.

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?

કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?

એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે મેં કર્યા,

તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્વ અનુભવ્યા.

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?

નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું;

રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,

સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.

https://www.youtube.com/watch?v=8PfEayLrNMM - 2016-06-09